# યુવા દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતે યુથ રનનું આયોજન કરવામાં આવ્યું




ગાંધીનગર, તા. ૧૩

સ્વામિ વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર રનર્સ ગ્રૃપ દ્વારા યુથ રનનું આયોજન કરવામાં આવ્યું હતું.

હરિયાળા ગાંધીનગરના વિઘ્ન વગરના માર્ગ પર સવારે ૬ વાગ્યે ૨૧.૦૯૭ કિમીની આ હાફ મેરેથોન અને ૧૦ કિમીની દોડ યોજાઈ હતી, જેમાં ગાંધીનગર-અમદાવાદના ૧૫૦થી વધુ રનર્સે ભાગ લીધો હતો. આ યુથ રનનું આયોજન નેશનલ યુથ ડે નિમિત્તે મેરેથોન રનર જગત કારાણીનાં માતુશ્રી સુમનબેન કારાણીના સ્મરણાર્થે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ફિટ ઈન્ડિયા થીમ સાથે જગત કારાણી, રમેશબાબુ ગટ્ટુ, કોચ રાહુલ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

હાફ મેરેથોનમાં દિનેશ વસાવા, શૈલેષ ભાટી, પરેશ રાવલ, શોભા પરમાર, દર્શની માંકડ, સુમન નહેરા અને ૧૦ કિમી દોડમાં નેમચંદ કોળી, સમર્થ લટ્ટા, દિલીપ પાંડોર, મયંકા શર્મા, સૌમ્યા ખત્રી, ધ્વની વસાવડા વિજેતા બન્યાં હતાં. મહેશસિંગ, ડૉ. જિજ્ઞેશ રાજવીર, સંજય થોરાત, ભરત પટેલ, જગત કારાણીના હસ્તે વિજેતાઓને ટ્રોફી આપવામાં આવી હતી.

## ૧૨મા ટ્રાયબલ યુથ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ

# રાજયપાલ સાથે પરામર્શ બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૧૩

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા આયોજિત અને ભારત સરકાર ગૃહ મંત્રાલય પુરસ્કૃત ૧૨મા ટ્રાયબલ યુથ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ બિહાર (ગયા-લખીસરાઈ-જમુઈ જિલ્લા અને મહારાષ્ટ્ર-ગડચિરોલી)ના નકસલવાદ પ્રભાવિત જિલ્લાના યુવકો અને નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારીઓ સાથે તાજેતરમાં ઈનટરેકિટવ સેશન (પરામર્શ બેઠક) યોજાઈ હતી. યુથ કૉ. ઓર્ડીનેટર રજનીકાંત સુથાર દ્વારા રાજયપાલ દેવવ્રત આચાર્યનું શાલ ઓઢાડી-બુકેથી અભિવાદન કરવામાં આવ્યું હતું અને ટ્રાયબલ યુથ એકસચેન્જ પ્રોગ્રામનો ઉદ્દેશ તથા થયેલ કાર્યવાહીનો અહેવાલ આપવામાં આવ્યો હતો.

રાજયપાલે વિવિધ મુદ્દાઓ પર પરામર્શ કરી નકસલવાદ પ્રભાવિત જિલ્લાના યુવકોને રાષ્ટ્રની એકતા-અખંડીતતા જાળવવા માટે રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં આવવા પર ભાર મુકયો હતો અને રાષ્ટ્રની એકતાને તોડનારી-રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ નકસલવાદ-ઈમર્જન્સી જેવી કુપ્રવૃત્તિઓથી દુર રહેવા ઉપસ્થિત યુવકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારીઓ રજનીકાંત સુથાર, મનીષાબેન શાહ, શિવદયાલ શર્મા, યુવા આગેવાન તથા પત્રકાર સંઘના પ્રમુખ કશ્યપ નિમાવત, રુત્વી પટેલ, સ્વામી વિશ્વ આનંદ, એકાઉન્ટેટ બીપીન જોષી, બી.એમ. શાહ, યુવા કાર્યકર હાર્દિક, જયપાલ, સંયોજક સચીન પાલ તથા રાજભવનના ઉચ્ચ અધિકારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન કશ્યપ નિમાવતે કર્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

બે હાથથી
આપણે દસ લોકોનેય
ન હરાવી શકીએ
પણ એ જ બે હાથ
જોડીને આપણે
કરોડોનાં દિલ
જીતી શકીએ છીએ.

## જન્મદિને વધામણી



**રામભાઈ જોષી**
નિવૃત્ત રમતગમત અધિકારી
મો. ૯૯૨૪૩ ૩૬૨૩૭




**જીલુભા ધાધલ**
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩



**નયનાબેન ડી શાહ**
મો. ૯૯૦૪૪ ૭૦૧૮૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ડૉ. અનિલ ચૌહાણ લિખિત પુસ્તકનું લોકાર્પણ



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સાહિત્યસભા અને ગૂર્જર ગ્રંથ દ્વારા ડૉ. અનિલ ચૌહાણના વાર્તાસંગ્રહ માણસ ઉર્ફે લાગણી ઉર્ફે સંબંધ ઉર્ફે... પુસ્તકનો ભવ્ય લોકાર્પણ સમારોહ ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા, ડૉ. કેશુભાઈ દેસાઈ, ડૉ શંકરસિંહ રાણા, કૃષ્ણકાન્ત જહા, અજીત મકવાણા અને નટવર હેડાઉ દ્વારા કરવામાં આવ્યું હતું.

આમંત્રિત મહેમાનોનું પુષ્પ અને શાલથી સન્માન કરીને આ વાર્તા સંગ્રહનું લોકાર્પણ થયુ હતુ. કાર્યક્રમના સુત્ર સંચાલક કલ્પેશ પટેલે સર્જકનો સવિસ્તાર પરિચય આપ્યો જ્યારે સાહિત્યસભાના અધ્યક્ષ નટવર હેડાઉએ શાબ્દીક સ્વાગત પ્રવચન કરી સાહિત્યસભા એક સારા કાર્યમાં સહભાગી થયાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા દ્વારા આ વિદ્યાસભા છે અને આ શહેરમાં ૧૮૨ ધારાસભ્યોની સામે ૨૮૨ સાહિત્યકારો વસે છે જે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરે છે એવી વાત થઈ હતી. ડૉ. કેશુભાઈ દેસાઈએ વાર્તાઓની વાત અને તબીબની કલમે અવતરેલી સ્વાનુભૂતિ રસિત વાર્તાઓનો રસથાળ કહીનો બિરદાવ્યા હતા.

ડૉ. શંકરસિંહ રાણાએ એમની મિત્રતાની વાત કરી એમની માણસને વાંચવાની વાત સાથે સંવેદન જગાવતી વાર્તાઓની વાત કરી હતી. અજીત મકવાણાએ એમના જ પુસ્તકની એક વાર્તાનુ સુંદર વાચિકમ્ કરીને વાર્તાના ભાવવિશ્વમાં ડોકિયું કરાવ્યું હતું. ડૉ. અનિલ ચૌહાણે પોતે લેખનક્ષેત્રે વર્ષોથી છે પણ પુસ્તક સ્વરૂપે પ્રથમ પ્રગટ થયાની ઘટનાની વાત કરી હતી. વાર્તા મનમાંથી પ્રગટે છે અને શબ્દ સ્વરૂપે સાકાર થાય છે. જે માણસને એના ભાવ વિશ્વમાં લઈ જાય છે એની વાત સાથે પુસ્તકની વાર્તા સફરની વાત મુકી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાએ એમની રસાળ શૈલીમાં કાદમ્બરી, વિષ્ણુ ખરે, વિ.સ. ખાંડેકર, મણીશંકર ભટ્ટ 'કાન્ત' સાથેની અનેક વાતો સાથે તેઓ સાહિત્યકારોના સાઈનબોર્ડ જે તે ગામના પ્રવેશદ્વારે મુકશે એવી વાત કરી હતી. ડૉ. અનિલ ચૌહાણ તબીબની સાથે સારા વાર્તાકાર છે એવું પ્રથમ પુસ્તકથી જ સાબીત થઈ રહ્યું છે.

કાર્યક્રમની આભારવિધિ સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવી એ પહેલા સાહિત્ય વિષયક પ્રશ્નોની પ્રશ્નોત્તારી કરવામાં આવી અને સૌને સાચો જવાબ આપતા લેખનુ પુસ્તક ભેટ તરીકે આપવામાં આવ્યું.

આ પ્રસંગે હરિકૃષ્ણ પાઠક, રાઘવજી માધડ, દોલત ભટ્ટ, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ડૉ. એસ.એસ. રાહી, કિશોર જીકાદરા, કલ્પેશ પટેલ, સંજય થોરાત, રમેશ ઠક્કર સહિત અનેક સાહિત્યકાર ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ડૉ. રશ્મિન પ્રજાપતિ સહિતના અનેક ડૉક્ટરની ઉપસ્થિતિ હતી. માણસ ઉર્ફે, લાગણી ઉર્ફે, સંબંધ ઉર્ફે... વાર્તાસંગ્રહના પ્રસંગને સૌએ ઉમળકાથી વધાવ્યો હતો.

# ગાંધીનગરની બીબીએ કૉલેજ દ્વારા આર્કોગુલ કંપનીની મુલાકાત લેવાઈ



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન(બીબીએ) દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રતિષ્ઠિત આર્કોગુલ કંપનીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

કંપનીની સ્થાપના ૧૯૬૯માં રવજીભાઈ નામના શ્રેષ્ઠી દ્વારા સહકારી મંડળીના સ્વરૂપમાં કરવા માં આવી હતી. ૧૯૯૨માં સહકારી મંડળીમાંથી લીમીટેડ કંપનીમાં ફેરવવામાં આવી. હાલ વિપુલભાઈ કંપનીના ચેરમેન તરીકે સેવાઓ આપી રહ્યા છે. કંપની ફર્ટીલાઈઝરનું ઉત્પાદન તેમજ વિતરણ કરે છે.

હાલ કંપની ૭૯ એકર માં ફેલાયેલી છે. તેમજ કંપની ના ૨૨ ગોડાઉન વિવિધ સંસ્થાઓ કે કંપનીને લીઝ પર આપેલ છે. સુમુલ ડેરી તેમજ સુરત જીલ્લા સંઘને પણ કંપની સપ્લાય કરે છે. કંપની ડીલર્સ પાસે થી ૭૫ ટકા ઓડર્સ આગાઉથી મેળવી સપ્લાયનું તમામ મેનેજમેન્ટ કરે છે. કંપનીની તમામ માહિતી વિદ્યાર્થીઓને હર્ષદભાઈ પટેલ અને અંકીતભાઈ દ્વારા આપવા માં આવી હતી. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના, ડૉ.આશિષ ભુવા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, પ્રો. સંધ્યા વ્યાસ દ્વારા જહેમત ઉઠાવવા માં આવી હતી.

# નવગુજરાત કૉમર્સ કૉલેજમાં રમતોત્સવનું આયોજન કરાયું



સોમનાથ કેળવણી મંડળ સંચાલિત નવગુજરાત કોમર્સ કોલેજ સેક્ટર-૨૮ ગાંધીનગર દ્વારા કોલેજના આંગણે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રીપગી દોડ, કોથળા દોડ તેમજ લીંબુ ચમચી જેવી વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ સાથે કૉલેજ દ્વારા ફુડ ડેની પણ ઉજવણી કરવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન, પુરસ્કાર અને પ્રમાણપત્ર શાળાના અધ્યાપકોના હસ્તે આપવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવીને આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યો હતું.

# ડીપીએસમાં સાહિત્ય મહોત્સવ



ગાંધીનગર, તા. ૧૩

વિદ્યાર્થીઓમાં પુસ્તકિયા જ્ઞાનની સાથે સાહિત્ય માટે પણ રસ અને જાગૃતિ આવે તે માટે દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગર દ્વારા આંતર શાળાકીય અંગ્રેજી સાહિત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. શેક્સપીયરની કૃતિઓના આધારે એકાંકી, કઠપૂતળીના નિદર્શન સાથે વાર્તાકથન અને સમૂહગીત જેવી વિભિન્ન સ્પર્ધાઓ આ અન્વયે યોજવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાની વિવિધ ૮ શાળાઓએ ભાગ લીધો હતો. જાણીતા સ્ટોરી-ટેલર સોનલ શાસ્ત્રી, સ્પોકન ઈંગ્લીશ ફેકલ્ટી તથા પર્સોનાલીટિ ડેવલપર આમ્રપાલી વ્યાસ અને અંગ્રેજીના અધ્યાપક વિન્ની સિંગે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરે કઠપૂતળી દ્વારા વાર્તાકથન અને સમૂહગીત સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ,તથા એકાંકી સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.




સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના સંસ્કૃત અને ઈતિહાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે કોલેજના નવયુવાનોમાં સ્વામી વિવેકાનંદના આદર્શો જીવનમાં ઉતરે અને પોતાના ચારિત્ર્ય ઘડતરથી સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપે તે હેતુથી વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજની આ વક્તૃત્વ સ્પર્ધામાં વિવિધ વિષયોના કુલ ૧૬ (સોળ) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અનુક્રમે હાર્દિક કે. રમણા, અસ્મિતા એમ મેર, અને શૈલેષ એમ સોલંકી વિજેતા બન્યા હતા, જેમને કોલેજ વતી વિવેકાનંદના બૂકસેટથી ઈનામ રૂપે સન્માનવામાં આવ્યા હતા. તમામ ભાગ લેનાર સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. હર્ષદ પરમાર અને હિંદી વિભાગનાં અધ્યાપક ડો. જિજ્ઞા પટેલે પોતાની સેવાઓ આપી હતી. સંસ્કૃત વિભાગના અધ્યક્ષશ્રી ડો.યુ.કે.ગાંગુર્ડે એ પ્રસંગોચિત વક્તવ્ય આપી યુવાનોને આત્મીક રીતે જગાવવા પોતાની સ્વરચિત કાવ્ય 'યુવા સંઘ તમે જાગો' વિરોચિત સ્વરમાં ગાઈ શ્રોતાગણને અભિભૂત કરી દિધા હતા.

# ચિલ્ડ્રન કલબ દ્વારા ઉત્તરાયણની નોખી ઉજવણી











ગાંધીનગર, તા. ૧૩

જી ઈ કલબ સંચાલિત ગાંધીનગર ચિલ્ડ્રન કલબની નવમી બેઠક ઉત્સાહી વાતાવરણમાં એસએસવી કૅમ્પસ, સૅક્ટર-૩ ખાતે મળી હતી. ચિલ્ડ્રન કલબનાં અત્યંત સંવેદનશીલ બાળકોએ મનોદિવ્યાંગ બાળકો સાથે ઉત્તરાયણની ઉજવણી આ બેઠક અંતર્ગત કરી ઉજવણીને ચાર ચાંદ લગાવી દીધા હતા.

બેઠકના પ્રારંભે પ્રાર્થના સભા યોજાઈ હતી. પ્રાર્થના બાદ કલબના સિદ્ધિ પ્રાપ્ત બાળક મીત ગજ્જરની પ્રશસ્તિ સાથે જે બાળકોનો જન્મદિન જાન્યુઆરી માસમાં છે તેમને સૌ સભ્યો તરફથી અભિનંદન અને સંજય થોરાત તરફથી ચૉકલેટની ભેટ ધરવામાં આવી હતી. તેમણે બેઠક અંતર્ગત મનોદિવ્યાંગ બાળકો સાથે ઉત્તરાયણની ઉજવણીની ભૂમિકા કલબનાં સભ્ય બાળકોને સમજાવી હતી અને પછી ઉત્તરાયણની ઉજવણીનો સ્કૂલ પરિસર ખાતે આરંભ કરવામાં આવ્યો હતો.

આ ઉજવણીને યાદગાર બનાવવા માટે કલબનાં સભ્ય બાળકો ઉપરાંત તેમના વાલીઓને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું, જેને માન આપીને કેટલાક વાલીઓ આ ઉજવણીમાં જોડાયા પણ હતા. આ કારણે આ આખીય ઉજવણી સપરિવાર ઉજવણી બની રહી હતી.

ચિલ્ડ્રન કલબનાં બાળકોએ મનોદિવ્યાંગ બાળકોને ચૉકલેટ, ચિકી, બોર, શેરડીની ભેટ ધરી હતી અને તેમની સાથે પતંગ ચગાવીને ઉજવણીને સાર્થક બનાવી હતી. એ હદે બાળકો એકમેક સાથે ભળી ગયાં હતાં કે સમગ્ર પરિસરમાં સામાન્ય કે દિવ્યાંગ એવો કોઈ ભેદ રહ્યો જ નહોતો. સૌ બાળકોએ એક થઈને ઉજવણીને સફળતાના રંગે રંગી દીધી હતી.

ચિલ્ડ્રન કલબ તરફથી ડૉ. મમતા બુચ, નિષ્ઠા જોષી, કર્તુમ તેરૈયા અને કુંતલ નિમાવત આ અનોખી ઉત્તરાયણ ઉજવણીમાં બાળકો સાથે જોડાયાં હતાં. આ ઉજવણી બાદ કલબ તરફથી જરૂરિયાતમંદ બાળકોને ચિકી, શેરડી અને પતંગ-દોરીની ભેટ ધરીને તેમને પણ આનંદ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.